ગુજરાત સમાચાર , પાના નંબર :- ૦૨

તારીખ :- ૨૬/૦૫/૨૦૨૬

## કરકસર માટે ગુજરાત સરકારની ૧૬ મુદ્દાની માર્ગદર્શિકા

# સરકારી અધિકારીઓના પ્રવાસ પર નિયંત્રણ :વર્ક ફ્રોમ હોમની વિચારણા

અમદાવાદ, શુક્રવાર

વૈશ્વિક પરિસ્થિતિને પગલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલી કરકસરની અપીલના ૬ દિવસ બાદ આખરે ગુજરાતનું સરકારી તંત્ર 'એલર્ટ મોડ'માં આવ્યું છે. સરકારી અધિકારીઓના વિદેશ પ્રવાસમાં નિયંત્રણ, ઈલેક્ટ્રિક વાહનોનો મહત્તમ ઉપયોગ તેમજ મેટ્રો ટ્રેન સેવાનો સમય રાત્રે ૧૧ સુધી લંબાવવા સહિત ૧૬ જેટલા મુદ્દાની માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

ગાંધીનગર ખાતે શુક્રવારે રાજ્ય મંત્રી મંડળની મહત્ત્વની બેઠક યોજાઈ હતી. જેમાં કરકસર અને સંસાધનોના મર્યાદિત ઉપયોગ અંગેની માર્ગદર્શિકા ઘડવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે સરકારી કામકાજ માટે પ્રવાસનું આયોજન જરૂરિયાત પૂરતું કરવું, અન્ય રાજ્ય કે કેન્દ્ર સરકારની બેઠકમાં શક્ય ત્યાં સુધી ઓનલાઈન માધ્યમથી જોડાવવા, કોઈ અધિકારી એકથી વધુ હવાલો સંભાળતા હોય તો તેમણે મુખ્ય વાહન સિવાયના તમામ વધારાના વાહન સરકારી વાહન પુલમાં જમા કરાવવા સહિતનો સમાવેશ થાય છે. બિનજરૂરી સંગ્રહખોરી કરનારા સામે પણ પગલાં લેવામાં આવશે.

આવતીકાલથી રાજ્યના વિવિધ રૂટમાં એકસાથે ૩૦૦ નવી અત્યાધુનિક બસ કાર્યરત કરાશે. આ બસના લોકાર્પણમાં કોઈ ઉદ્ઘાટન સમારોહ નહીં યોજવામાં આવે. હાલની વૈશ્વિક પરિસ્થિતિને પગલે આ નિર્ણય દ્વારા રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ અને ફોરેન એક્સચેન્જના વપરાશમાં ઘટાડો થશે તેવો સરકાર દ્વારા દાવો કરવામાં આવ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સરકારી વિભાગમાં વર્ક ફ્રોમ હોમનો વિકલ્પ ચકાસવા માટે પણ નિર્દેશ અપાયો છે. હાલની સ્થિતિમાં તમામ પાસા ચકાસવામાં આવી રહ્યા છે. જેના અંગેનો નિર્ણય આગામી સપ્તાહે લેવામાં આવી શકે છે. પબ્લિક ટ્રાન્સપોર્ટમાં વધુને વધુ લોકો મુસાફરી કરે તેના માટે મેટ્રો ટ્રેન, બીઆરટીએસનો સમય હજુ લંબાવાય તેવી સંભાવના છે.

## મેટ્રો ટ્રેન સેવા રાત્રે ૧૧ સુધી લંબાવાઈ : એકથી વધુ હવાલો ધરાવતા અધિકારીએ વધારાના વાહન જમા કરાવવા પડશે

### સરકાર દ્વારા લેવામાં આવેલા સૂચિત પગલાં

- મેટ્રો રેલનો સમય રાત્રે ૧૧.૦૦ વાગ્યા સુધી લંબાવાયો.
- ૬ મહિનામાં તમામ સરકારી કેન્ટીનોમાં પાઈપ્ડ ગેસ કનેક્ટિવિટી ફરજિયાત.
- સરકારના વિવિધ કાર્યક્રમો સાદગીપૂર્વક યોજવા, લોકાર્પણના કાર્યક્રમોમાં 'વર્ચ્યુઅલ પદ્ધતિ'નો આગ્રહ રાખવો.
- સરકારી કામકાજ માટે પ્રવાસનું આયોજન માત્ર જરૂરિયાત મુજબ કરવું.
- અધિકારીઓએ પ્રત્યક્ષ પ્રવાસ ટાળીને વીડિયો કોન્ફરન્સિંગ, ટેલિફોન અને ઈ-મેઈલ જેવા આધુનિક માધ્યમોનો મહત્તમ ઉપયોગ કરવો.
- અત્યંત જરૂરી હોય તે સિવાય ક્ષેત્રીય અધિકારીઓને મીટિંગ માટે બોલાવવાના બદલે વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા બેઠક યોજવી.
- અન્ય રાજ્યો કે કેન્દ્ર સરકારની બેઠકોમાં પણ શક્ય હોય ત્યાં સુધી ઓનલાઈન માધ્યમથી જોડાવા તાકીદ.
- રાજ્ય બહારનો પ્રવાસ અનિવાર્ય હોય, તો ઉચ્ચ અધિકારીઓએ જરૂરી ન હોય તેવા સ્ટાફને સાથે ન રાખવા સૂચના.
- અનિવાર્ય સંજોગો સિવાય કોઈપણ પ્રકારના વિદેશ પ્રવાસ કે વિદેશમાં યોજાતી તાલીમ, પરિસંવાદો અને પરિષદોમાં ભાગ લેવાનું ટાળવું.
- શક્ય હોય ત્યાં સુધી સરકારી કામકાજ અર્થે જિલ્લા બહાર મુસાફરી ટાળવી. આમ છતાં સરકારી કામકાજ માટે જિલ્લા બહાર મુસાફરી જરૂરી બને તો મુસાફરી કરતા પૂર્વે તેમના નિયંત્રણ અધિકારીને જાણ કરવી.
- સરકારી અધિકારી-કર્મચારીઓના પ્રવાસો ઉપર યોગ્ય નિયંત્રણો રાખવા ઉપરાંત, દરેક વહીવટી વિભાગ અને તેની હેઠળનાં તંત્રોમાં ઉપલબ્ધ સરકારી વાહનોની સમીક્ષા કરીને વધારાનાં વાહનો બિનવપરાશમાં મૂકવા.
- કોઈ અધિકારી એકથી વધુ હવાલો સંભાળતા હોય, તો તેમણે એક મુખ્ય વાહન સિવાયના તમામ વધારાના વાહનો 'સરકારી વાહન પુલ'માં જમા કરાવવા.
- જે અધિકારીઓ પાસે સરકારી વાહનના વિકલ્પ તરીકે ઈલેક્ટ્રિક વ્હીકલ ઉપલબ્ધ હોય, તેમણે ઈવી અથવા હાઈબ્રિડ વાહનનો જ ઉપયોગ કરવો.
- સંગ્રહખોરી અને ગભરાટમાં આવીને કરવામાં આવતી ખરીદી રોકાશે.